

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બંધાય ના ખીલે એને શાંત કરે છે એન્કૌંટર!*
*હાથમાં લે કાયદો એનો ઉકેલ છે એન્કૌંટર!*
*રાખે ખિસ્સામાં ન્યાય એનો ચૂકાદો છે એન્કૌંટર!*
*અત્યાચારી-અધર્મીને સાચો અંત છે એન્કૌંટર...*

હાઈકુ

*કરો કોરોના*
*મહામારીનું પણ -*
*એન્કાઉન્ટર!*
*(છૂટકો નથી!)*

*પાડો નિયમ !*
*કાં, કોરોના કરશે -*
*એન્કાઉંટર*
*(સાવચેત રહો!)*

### ચિંતન

*કદાચન સ્તરીરસિ નેન્દ્ર સશ્ચસિ દાશુષે ।*
*ઉપોપેન્નુ મઘવન્ ભૂય ઈન્નુ તે દાનં દેવસ્ય પૃછ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.**

**પરમેશ્વર ક્યારેય કોઈના કર્મને નિષ્ફળ કરતાં નથી અને કોઈ નિર્દોષને દંડ દેતા નથી. આ જન્મમાં અને પૂર્વજન્મમાં પ્રત્યેક માનવીને માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.**

**સંસારમાં બધા પ્રકારના કામકાજ ઈશ્વરીય સત્તા વડે જ નિયંત્રિત હોય છે. માનવીના જીવનમાં જન્મથી લઈને મૃત્યુ સુધીનાં બધા ઘટનાક્રમો તેના પોતાના કર્મોના ફળસ્વરુપે જ ન્યાયકારી પરમેશ્વર વડે સંચાલિત થાય છે. આ જન્મમાં જે જેવું કર્મ કરે છે તે પ્રમાણે આત્માના નવા જન્મની વ્યવસ્થા પણ થઈ જાય છે. ઈશ્વરના આ ન્યાયકારી સ્વરુપ અને કર્મફળની મહત્તાને બરાબર સમજી લેવાથી માનવી હંમેશા સદ્‌વિચારો અને સત્કર્મોમાં જ લીન રહે છે તથા કુવિચારો અને દુર્ભાવનાઓના આક્રમણથી બચી જાય છે.**

### સુવિચાર

- ‘રામ-રહીમ’ ની એક જ રાશિ હોવાથી બંને અત્યારે સમદુખિયા છે - **રતિલાલ અનિલ**
- ન તો કંઈ કળાયું ન તો ઓળખાયું, પરમતત્વ સંતોના બોલે પમાયું - **સ્વામિ રામદાસ**
- પિરામિડ મળે તો કોઈ કલરમાં સૂવા માંગતુ નથી - **ઈજિપ્તની કહેવત**
- મોસંબીનો રસ પીવા માટે ગરીબોનાં દીકરાને માંદા પડવું પડે છે - **બી એન દસ્તૂર**
- હૃદય જે દાન આપી શખે છે, તે હાથ આપી શકતા નથી - **જનકલ્યાણ**
- ગરીબનાં કેલેન્ડરમાં સૌથી વધારે ‘અગિયારસ’ હોય છે - **ડો. મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : મીઠા લીમડાના પાન પાંચ નંગ અને એક નાની ચમચી આમળા પાઉડરનો ઉકાળો બનાવી પીવાથી એસિડીટી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત સ્વભાવના સુલેમાન ફારસીને સીરિયા દેશના એક શહેરના હાકેમ નીમ્યા. તેમનું વેતન પાંચ હજાર દિરહમ નક્કી થયું. સુલેમાન ફારસી શહેરના સફાઈ, પાણીનો નિકાલ, પીવાનું પાણી વગેરે સમસ્યાઓ પર સતર્ક રહી સમાધાન કરતા રહ્યા આ બધા કાર્યો કરવાં છતાં તેઓ ખજૂરીના પાનમાંથી ટોપલી પણ બનાવ્યા કરતા. ટોપલી બનાવી ને જેટલા પૈસા મળતા તેમાંથી તેઓ ગુજરાન ચલાવતા અને પગારમાંથી મળતી રકમ તેઓ જરૂરિયાતમંદોને અન્નદાન, કે વિદ્યાદાનમાં ખર્ચ કરી નાખતા. એક દિવસે તેમના એક મિત્રએ આ બાબતે પૃછા કરી પૂછ્યું, ‘અરે સાહેબ, તમને આટલો બધો પગાર મળે છે તો પછી તમે આ ટોપલી બનાવવાની મજૂરી શું કામ કરો છો? આટલો વખત તમે રાજયના કારભારને લગતા પ્રશ્નો ઉકેલમાં આપતા હોવ તો? તમારા જેવા મોટા હાકેમોને ટોપલી બનાવી ગુજરાતન ચલાવાનું કંઈ શોભે ખરું ?’ મિત્રને જવાબમાં સુલેમાન ફારસીએ કહ્યું, ‘ભાઈ, મોટો પગાર લઈને હું એશઆરામનો પડ્યો રહું અને માલમલીદાનો રસીયો બની જાઉં, તો ખુદાની બંદગી તથા રૈયતની સાચી સેવા મારાથી થઈ ન શકે, એવો મને ડરે છે. ખુદાએ મને પૂરતી શક્તિ આપી છે, તો પછી હાથ-પગ ચલાવીને મહેનત કરી ગુજરાન પૂરતું કમાવામાં નાનમ શી છે ??’ મિત્રએ હાકેમની દિલદારી અને ખુદ્દારી માટે મસ્તક ઝુકાવ્યું.

# કોરેકોરાં આશ્વાસન છે; કોરોના તો કોરોના છે!

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાનો વિજયરથ વણથંભ્યો આગળને આગળ ધપી રહ્યો છે. એ જૂના જમાનાના અશ્વમેઘ યજ્ઞના ઘોડા જેવો છે. એને કોઈ બાંધી કે નાથી શક્યું નથી. ભગવાન રામ કે યુધિષ્ઠિર સહિતના મહાન ચક્રવર્તી રાજાઓ કરતાં આ નરી આંખે નહીં દેખાતો વિશ્વવિજેતા ઘણો વધારે પાવરફુલ સાબિત થયો છે. સિકંદર, નેપોલિયન કે ચંગીઝખાન અને તૈમૂરને એણે ઘણા પાછળ છોડી દીધા છે. ટ્રમ્પ, ઓબામા, વ્લાદિમીર પુતિન કે નરેન્દ્ર મોદી કરતાં એના ફોલોઅર્સ અનેક ગણી વધારે સંખ્યામાં છે. એણે સપાટો બોલાવવામાં કશી મણા નથી રાખી. સામાન્ય માણસથી લઈ નેતા, અભિનેતા અને સાધુ મહાત્માઓનો એને ક્રૂરતાપૂર્વક વધ કર્યો છે આવી વિષયમ પરિસ્થિતિમાં પણ માનવીને આશ્વાસનનું પડીકું પકડાવી દઈએ એટલે એનામાં જીવવાની હામ જાગે છે. કોરોના સંક્રમમ પછી પણ દુષ્કૃત્યો નથી ઘટ્યાં. નફાખોરીએ માઝા મૂકી છે. સરકાર પણ પેટ્રોલ અને ડીઝલના બે હાથે પ્રજાને લૂંટી રહી છે. સરકારને પણ ટકવું છે, વિસ્તરવું છે. ચૂંટણી લડવા માટે અને વિપક્ષના ધારાસભ્યોને ખરીદવા નાણાં તો જોઈશે જ. અમિતાભ બચ્ચનને સારું થઈ ગયું છે, ભરતસિંહ સોલંકી રિકવર થઈ રહ્યા છે, ણ એ જ હોસ્પિટલમાં સઘન સારવાર મેળવ્યા છતાં મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના વડા આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીને અવતારોના અવતારી ભગવાન સ્વામિનારાયણે ધામમાં બોલાવી લીધા છે. સુરત સળગી રહ્યું છે. એની સરખામણીએ અમદાવાદ થોડું થાળે પડી રહ્યું છે. કોરોનાએ સેવાભાવી ડૉકટરોને પણ નથી છોડ્યા. મેડિકલ એસોસિએશનને રેડ એલર્ટ જાહેર કરવું પડ્યું છે. કોરોનાગ્રસ્ત ૧૩૦૦ થી વધુ ડૉકટરો પૈકી સૌથી વધુ ડૉકટરોએ જીવનલીલા સંકેલી લીધી છે. સુરતમાં જનરલ પ્રેક્ટિસ કરતા લોકપ્રિય ફિઝિશિયન ડૉ. દિલીપ મોદી કોરોના સામેની લડાઈમાં લાંબી લડત આપ્યા પછી હારી ગયા તે ઘણા દુ:ખદ સમાચાર છે. કોરોનાએ થોડા દિવસો અગાઉ એમનાંમ માતુશ્રીનોય ભોગ લીધો હતો.

કવિતારસિક વાચકો જાણતા હશે કે ડૉ. દિલીપ મોદી એક ઉત્તમ ગઝલકાર હતા અને સુરતની નર્મદ સાહિત્યસભાના મહામંત્રી હતા. કોરોના આટલા બધા દુષ્પ્રભાવ વચ્ચે આપણા કેન્દ્રીય આરોગ્યમંત્રી જેઓ પાછા ધંધે ડૉકટર પણ છે - તેઓ કહે છે કે હજી આપણે ‘કોમ્યુનિટી ટ્રાન્સમિશન’ના સ્ટેજે નથી પહોંચ્યા. લોકડાઉનની સારી અસર થઈ છે એટલે આપણે બચી ગયા છીએ. વળી આપણા દેશમાં આ સંક્રમણથી મરનારાની સંખ્યા અને પ્રમાણ પણ વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં ઘણું ઓછું છે. આ બધો પ્રતાપ આપણા મહાપ્રતાપી વડાપ્રધાને લીધેલાં સમયસરનાં પગલાંનો છે. ગુજરાત સરકારને પણ શાહમૃગવૃત્તિ અનુકૂળ આવી ગઈ છે. કોરોનાને કારણે શરુઆતમાં થતા મૃત્યુદરમાં ધરખમ ઘટાડો થઈ રહ્યાનો એમને પરમ સંતોષ છે. વળી અગાઉ પોઝીટીવ દર્દીઓની સંખ્યા બેવડાતાં જે સમય લાગતો હતો એમાં પણ સાનુકૂળ ફેરફાર નોંધાયો છે. મુંબઈના ધારાવી મોડલનાં તો ખુદ વિશ્વ આરોગ્ય સંસ્થા વખાણ કરે છે. આપણે કોરોનાથી ડરવાની જરૂર નથી. ‘ચિત્ત, તું શીદને ચિંતા ધરે ? કૃષ્ણને કરવું હોય તે કરે!’ પણ એવુંય બને કે જરાસંઘના ભયથી રણ છોડીને છેક સૌરાષ્ટ્ર દરિયાકાંઠે વસી ગયેલા કૃષ્ણ ઈંડિયાને પોતાની તબિયત માટે અસુરક્ષિત માનીને ચીનના કોઈ સલામત ખૂણે સંતાઈ ગયા હોય !

# જેવા રાજા, એવી પ્રજા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



રામરાજય કેવું હતું ? રામાયણના ઉત્તરકાંડમાં આદિકવિ મહર્ષિ વાલ્મિકીએ એની વિગતો આપી છે :

(૧) રાજ પરિવાર - શ્રીરામ પોતાના ત્રણેય ભાઈઓને એકસરખો અગાધ પ્રેમ આપતા. ભાઈઓ પણ એમની સેવામાં તત્પર રહેતા. ચારેય ભાઈઓ એક સાથે ભોજન લેતા. રોજે રોજે પ્રાત:કાળે ચારેય ભાઈઓ ગુરુ વસિષ્ઠના ઉપદેશો સાંભળતા.



સીતા પતિની સેવામાં કાળજી લેતા. અનેક દાસ-દાસીઓ હોવા છતાં ઘરકામ પોતાની જાતે જ કરતી. ત્રણેય માતાઓની સમાનભાવે આદરપૂર્વક સેવા કરતી.

(૨) નગરી - નગરી અયોધ્યા મનોરમ્ય હતી. ભવ્ય આવાસો રત્નો-મણિઓથી સુશોભિત હતા. નગરીના માર્ગો લાંબા અને પહોળા હતા. બજારોમાં સમૃદ્ધિ છલકાતી. ઉદ્યાનો સુંદર હતા. નદી સરયૂના કિનારા ઉપર વ્યવસ્થિત ઘાટ હતા. ત્યાં દેવમંદિરો હતા. સન્યાસીઓની પર્ણકુટિઓ હતી. નિવાસીઓ સુખી અને નિરોગી હતા.

(૩) શાસન - શ્રીરામને કોઈને સજા કરવાની જરૂર પડતી ન હતી. કારણ કે નગરમાં કોઈ અપરાધ થતા ન હતા.

અહીં ભેંદને સ્થાન ન હતું. દરેક નાગરિકને શ્રીરામ સમાન ભાવે નિહાળતા. લોક ચાર વર્ણમાં વહેંચાયેલો હોય. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સૌ કોઈ પોતાની ફરજો અને ધર્મોનું પાલન કરતા, એટલે સમાજવ્યવસ્થા સુદૃઢ હતી. લોકોને કોઈ પ્રકારનો ભય કોઈના પણ તરફથી ન હતો. કોઈને દૈવી આપત્તિ ન હતી. શારીરિક પીડા ન હતી. લોકો દીર્ઘાયુ હતા. કોઈ અકાળમૃત્યુ થતું ન હતું. નગરમાં લેશમાત્ર પાપ ન હતું. લોકો ભકિતભાવવાળા હતા. ધાર્મિક હતા. બધા સંપ અને સહકારથી રહેતા. કોઈનામાં ઈર્ષ્યા, કપટ કે દ્વેષ ન હતા.

(૫) પ્રકૃતિ - વન, ઉપવન અને ઉદ્યાન - સુંદર પુષ્પો અને ફળોથી સમૃદ્ધ હતા. પ્રાકૃતિક સંપદા અપાર હતી.

પૃથ્વીની ઉષ્ણતા સામાન્ય હતી.

વરસાદ સમયસર અને જરૂરિયાત મુજબનો પડતો. પવન શીતળ અને મંદગતિનો રહેતો.

નદીઓમાં નિર્મળ અને મધુર તેમજ શીતળ જળ વહ્યા કરતું.

(૬) પશુપંખીઓ - પશુપ્રાણીઓએ પોતાની ક્રૂરતા અને હિંસા સદંતર છોડી દીધા હતા.

એટલે નિર્ભયપણે ચારેય બાજુ વિચરણ કરી શકતા. ગાયો દૂધથી પરિપૂર્ણ રહેતી. દૂધ પુષ્કળ આપતી.

મનોહર પક્ષીઓ પોતાના મધુર કલરવથી દિશાઓને ગુંજિત રાખતાં.

પુષ્પોના રસપાનથી સંતુષ્ટ રહેતા ભ્રમરો પોતાના કર્ણપ્રિય અને મધુર ગુંજારવથી વાતાવરણને પ્રસન્ન રાખતા હતા.

જેવા રાજા, એવી પ્રજા. લોકો સુખી હતા, કારણ કે રાજા તરીકે શ્રીરામ હતા. યથા રાજા, તથા પ્રજા. તેથી એમ કહેવયા કે - રાજા કાલસ્ય કારણમ્. કાળનાં સુખદુ:ખનું કારણ રાજા છે. આ સંદર્ભમાં - રાજકવિ ‘કલાપી’ નું ખંડકાવ્ય યાદ આવી જાય. ‘ગ્રામ્ય માતા.’ શેરડીમાંથી રસ ન નિકળ્યો - રાજા નિર્દય હોય; તો જ આવું બને.

# જાણીતા ગાયક નિરજ પાઠકની ઓનલાઈન મ્યુઝિક કોન્સર્ટ : ‘શિવરંજની’નો વધુ એક સૂરિલો પ્રયાસ

ટહૂકાર
પ્રકાશ લાલા



૪૮-૪૮ વર્ષથી જે સંસ્થા નગરના સંગીત રસિયાઓના સંગીતશોખને પોષવાનું કામ કરતી આવી હોય, દરેક પ્રકારના સંગીતના સુંદર કાર્યક્રમો થતી નગરમાં સૂરીલા - સંગીતમય માહોલને જીવંત રાખતી હોય, ‘વિશ્વ સંગીત દિન’ની અવનવા કાર્યક્રમ થકી ઊજવણી કરતી હોય, એ સંસ્થા પ્રવર્તમાન (કોરોનાનો ભય, લોકડાઉન ને પછી અનલોકમાં પણ લાઈવ - જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ હોય એવી) પરિસ્થિતિમાંય સંગીતના કાર્યક્રમ યોજવાથી દૂર કયાં સુધી રહી શકે?

હા... તમે બરાબર જ સમજ્યા છો કે આ શિવરંજની, ગાંધીનગરની જ વાત છે...

આથી કોરોના મહામારી અને લોકડાઉનથી કંટાળેલા લોકો માટે ‘શિવરંજની’ના સૂત્રધારોએ ઓનલાઈન ટેકનોલોજીના ઉપયોગ થકી પહેલાં ઘર દીવડાઓને પ્લેટફોર્મ આપી, ‘ઝૂમ’ વર્ચ્યુઅલ મીટ દ્વારા નાનકડાં મહેફિલ યોજી હતી. પણ આ વખતે તા. ૨૭ જૂન - શનિવારે તો ગુજરાતના જાણીતા, ને દરેક પ્લેબેક સિંગરના ગીતો સહજતાથી રજૂ કરી શકતા ગાયક કલાકાર નિરજ પાઠકનો, હિન્દી ફિલ્મોનાં સદાબહાર ગીતોનો જલસો ઓનલાઈન ગોઠવ્યો અને ફેસબુક પેઈજના માધ્યમથી ‘શિવરંજની’ના જૂના સદસ્યો તથા સૌ ગુણીજનોએ માણ્યો હતો.

આ વર્ષે ‘શિવરંજની’ના સભ્યો નોંધ્યા નથી... એટલે ‘ફંડ’ની મુશ્કેલી છતાં, કાર્યક્રમ કરવો જ હતો. એટલે સાચવેલાં, (પડેલા) ભંડોળમાંથી સ્ટુડિયો ભાડે રાખી, ટેકનિકલ બધી વ્યવસ્થા ગોઠવવાની છેલ્લી ઘડીની દોડધામ કરી અંતે આ ‘ઓનલાઈન મહેફિલ’નું આયોજન થઈ શક્યું તેનો સંસ્થાને આનંદ છે.

ભાઈ નિરજ પાઠકે આ ‘મ્યુઝિકલ કોન્સર્ટ’માં હિંદી ફિલ્મોના અલગ-અલગ આઠ-દસ મેલ સિંગર્સના યાદગાર ગીતો ‘ટ્રેક મ્યુઝિક’ પર પોતાના આગવા અંદાજમાં ગાઈને, મહેફિલને સજાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. નિરજની સાથે ફિમેલ સીંગર તરીકે પ્રણતિ શાહે સાથ આપ્યો હતો. ફેસબુક પેઈજ ઉપર પ્રોગ્રામ શરૂ થતાં જ બોક ડ્રોપમાં એઝ યુઝવલ ‘શિવરંજની’નું સુંદર બેનર દશ્યમાન થતાં પહેલાં તો ‘હોલ’માં પ્રોગ્રામ જોઈ રહેવાની ‘ફીલ’ થોડી આવે. આ વ્યવસ્થા માટે અભિનંદન.

નિરજે એમની સુરીલી પ્રસ્તુતિમાં ‘મધુબન ખુસ્બુ દેતા હૈ... જીના ઉસકા જીના હૈ, જો ઔરોં કો જીવન દેતા હૈ.’ (યશુદાસજી - ફિલ્મ ‘સાજન બિન સુહાગ’) ‘હમે ઔર જીને કી ચાહત ન હોતી, અગર તુમ ન હોતે...’ (કિશોરકુમાર, આર.ડી. બર્મન) ‘કહી દૂર જબ દિન ઢલ જાયે, સાંજ કી દુલ્હન બદલ ચૂરાયે.... ચૂપકે સે આયે...’ (મુકેશ - સસીલ ચૌધરી, ‘એક અકેલા ઈસ શહેર મેં, રાત મેં ઔર દુપહરમેં, આબોદાના ઢૂંઢતા હૈ... આશિયાના ઢૂંઢતા હૈ...’ (ફિલ્મ ઘરોંદા, ભૂપિન્દ્ર, જયદેવ) ‘જિંદગી કૈંસી હૈ પહેલી હાયે... કભી તો હસાયે કભી યે રુલાએ...’ (મન્નાડે) તથા પ્રણતિ શાહ સાથે ડ્યુએટ્સ ‘આપકી આંખોમાં કુછ બહેંકે હુએ સે રાજ હૈ... આપસે ખુબસુરત આપ કે અંદાજ છે’ (કિશોર-લતા), યે રાત ભીગી ભીગી, યે મસ્ત ફિઝાએ... ઉઠા ધીરે ધીરે વો ચાંદ પ્યારા પ્યારા...) (ચોરી - ચોરી, મુકેશ-લતા) જેવા મીઠા-મધુરા ને યાદગાર ગીતો સંભળાવ્યા હતા.

લોકડાઉન પીરિયડ દરમિયાન દિવંગત થયેલી બોલીવુડની હસ્તીઓ ઈરફાન ખાન, રીષીકપૂર, ગીતકાર યોગેશજીને યાદ કરી એમની ફિલ્મોનાં ગીતો તથા ગુજરાતી ફિલ્મો અને સુગમ સંગીતથી કેટલીક રચનાઓ બીજા સોલો - ડ્યુએટ મળી આશરે ૨૦ જેટલા મસ્તી ભર્યા - વિવિધ ફલેવરનાં ગીતો ગાયાં હતા.

આમ તો સંગીત ચાહકોને પોતાનાં જે ગાયક - સંગીતકારનાં, જે ફિલ્મનાં ગીતો સાંભળવા હોય તે માટેની સુવિધા ગાના એપ, યુ ટ્યુબ પર ઉપલબ્ધ છે જ...

આ ઉપરાંત ટીવીમાં મ્યુઝિક ચેનલ ઉપર પણ તે માણી શકાય જ છે... પરંતુ એક સંસ્થા જે એના સભ્યોને માટે કાર્યક્રમ કરતી આવી હોય તેના ઉપક્રમે નીવડેલા કલાકારોનો ‘ઓનલાઈન’ કાર્યક્રમ યોજાય તે મહત્ત્વનું છે. એ માટે ‘શિવરંજની’ ને માર્કસ આપવા પડે.

બાકી ‘ઓનલાઈન’ પ્રોગ્રામની મર્યાદાઓ - ઓડિટન્સની તાળીઓ - વન્સમોરથી ખીલતો ગાયક - ટ્રેક ઉપર ગીત સેટ કરવામાં જતા સમયથી આવતો વિક્ષેપ, કેમેરામાં પોતે એકલોજ હોવાથી ‘કોન્સિયસ’ બનતો કલાકાર, પ્રોગ્રામનો કેવો ઈમ્પેક્ટ છે તે તાત્કાલિક જાણી શકવાનો અભાવ - વગેરે સ્વીકારીને જ આવા કાર્યક્રમની મજા લેવી રહી.

અલબત્ત, આવા આયોજન થકી ‘સંસ્થા’ને ‘સંસ્થાના’ કમિટી મેમ્બર્સ,ને તથા સંસ્થા સાથે સંકળાયેલા સૌને એક્ટિ રાખવાનો ‘શિવરંજની’નો અને વાગ્મિન બુચનો ઉપક્રમ સરાહનીય છે.

# શિક્ષક છીએ, આટલું કરીએ

રંગ-ઉમંગ
કાનન ઓઝા



આ અઠવાડિયામાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોના ઓરિએન્ટેશનકોર્ડમાં એકેડેમિક સ્ટાફ કૉલેજમાં વ્યાખ્યાન આપવા જવાનું થયું. મોટાભાગના અધ્યાપક ભાઈ-બહેનો યુવાવયના હતા. તેમની સાથે ચર્ચા ખૂબ જ જીવંત રહી. તેમનામાં કશુંક કરી છૂટવાની ધગશ-તમન્ના દેખાઈ આવી. સાથે સમાજ કે સરકાર પાસે રાખેલ અપેક્ષા નહીં સંતોષાતા કેટલીક નિરાશા પણ ડોકાતી હતી. એકંદરે ખૂબ જ આત્મવિશ્વાસ પર હજુ જેમને લાંબો પંથ કાપવાનો છે. તેવા આ સૌ મિત્રોને સફળ શિક્ષક બનવા માટે કરેલ સૂચનો તેમજ શૈક્ષણિક મૂલ્યોનો કરાવેલ અહેસાસ અહીં વાગોળું છું.

શિક્ષકનું કામ વર્ગખંડમાં જઈને માહિતી આપવાનું નથી. જો શિક્ષણ દ્વારા માત્ર માહિતી કે જ્ઞાન જ આપવાનું હોયતો શાળા-કોલેજોના મકાનો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર નથી. આ કામ તો તેના મમ્મી-પપ્પા, મામા-માસી, કાકા પડોશી વગેરે વાલી કે ટ્યુશન કલાસીસ પણ કરી શકે છે. શિક્ષણનું કામ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય ખિલવવાનં છે. સાથે સંસ્કારનું સિંચન પણ કરવાનું છે. હા.... સંસ્કારના સિંચનની શરુઆત વાલી તરફથી થવી જોઈએ. અને તે સંસ્કારમાં વધારો કરવાની અને મજબૂત કરવાની જવાબદારી શિક્ષકે નિભાવવાની છે. જો શિક્ષક સમાજ પાસે કેટલીક અપેક્ષા રાખતો હોય તો સમાજ પણ શિક્ષક પાસે કેટલીક અપેક્ષા રાખે જ. અપેક્ષા સંતોષાવાની શરુઆત શિક્ષક પક્ષેથી થવી જોઈએ.

આજના વિદ્યાર્થી અને તેને ભણાવતા શિક્ષકના જ્ઞાનની સરખામણી કરજો... મારી દષ્ટિએ તે બંનેમાં વિદ્યાર્થી વધુ જ્ઞાની હશે. કારણ કે, શિક્ષણ તો જે વિષય ભણાવ છે તે વિષયનું જ્ઞાન તેની પાસે હોય છે. જયારે વિદ્યાર્થી પાસે તો તે ભણે છે તેવા સાત વિષયનું જ્ઞાન છે. (આ વાત કરતો હતો ત્યાં એક અધ્યાપકે દલીલ કરેલી કે, સાહેબ અમે પણ તે સાત વિષય ભણ્યા હતા. ત્યારે મારી દલીલ હતી કે, તેમાંથી તમને આજે કેટલું યાદ છે? તો અધ્યાપકે કબૂલ્યું હતું કે, મોટાભાગનું ભૂલી ગયાં છીએ.) આજનો વિદ્યાર્થી ઈન્ટરનેટ પર બેસીને જ્ઞાનના ઢગલા પોતાના રુમમાં ઢાલવે છે. તેને જે માહિતી જાણવાની કે મેળવવાની ઈચ્છા થાય તે તમામ માહિતી તે ઈન્ટરનેટ દ્વારા મેળવતો થઈ ગયો છે. આજના કેટલાક વિદ્યાર્થી તેમના કેટલાક શિક્ષકો કરતાં વધુ પ્રમાણમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હશે. માટે સફળ શિક્ષણ બનાવા માટે ઈન્ટરનેટનો નજીકનો મિત્ર બનાવો. દરેક શિક્ષકના ઘેર ઈન્ટરનેટનું કનેકશન હોવું જ જોઈએ.

આજે હાઈસ્કૂલ કે કૉલેજમાં એવાં ઘણાં વિદ્યાર્થીઓ હશે કે જેમનો પોતાના બ્લોગ હશે. તો શિક્ષકોએ પણ પોતાના બ્લોગ બનાવવા પડશે. જો તમે બ્લોગ નહીં બનાવો તો બ્લોક થી જશો. આજે દરેક શિક્ષકે ઈન્ટરનેર પર સરેરાશ બે-ત્રણ કલાક સર્ફિંગ કરવાની આદત કેળવવી પડશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ટી.વી. કે અન્ય માધ્યમો દ્વારા ઘણું બધું જ્ઞાન મેળવે છે. શિક્ષકે પણ આવા દરેક માધ્યમોનો ઉપયોગ કરવો પડશે. નહીં તો વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે અંતર વધતું જશે. જેમાં વિદ્યાર્થી જ આગળ દોડતો હશે.

આજે વર્ગખંડમાં નવું નવું શીખવવા જતો શિક્ષક જૂનું જૂનું લઈને જાય છે. શિક્ષકે સફળ બનવા માટે વાસી ખોરાકનો ત્યાગ કરવો પડશે. શીખવવાનું વિષયવસ્તુ ભલે અભ્યાસક્રમ મુજબનું જ હોય, પણ તેમાં પણ વિવિધતા, ઊંડાણ લાવીને દર વર્ષે નવું બનાવશો તો જ તમને કે વિદ્યાર્થીને તાજગી આવશે. શિક્ષણ એ માત્ર દિમાગની પ્રક્રિયા નથી, દિલની પ્રક્રિયા પણ છે. જેથી શિક્ષણનું કામ કરતી વખતે માત્ર દિમાગનો જ ઉપયોગ ન કરતાં દિલનો ઉપયોગ પણ કરો. શિક્ષકે માત્ર સવેતન કામ નથી કરવાનું, સંવેદન સાથે કામ કરવાનું છે. સાથે એટલું યાદ રાખો કે, શિક્ષકે જેવા છે તેવા નથી દેખાવાનું, પણ જેવા હોવા જોઈએ તેવા દેખાવાનું છે.

શિક્ષક નાસ્તિક નથી, પણ આસ્તિક હોવો જોઈએ. એટલે કે શ્રદ્ધાળુ હોવો જોઈએ. તેને મુખ્ય ત્રણ બાબત પર શ્રધ્ધા હોવી જોઈએ. પોતાની જાત પર, પોતાના કામ પર અને પોતાનાવ વિદ્યાર્થી પર. જો તમને જ તમારી જાત પર વિશ્વાસ નહીં હોય તો બીજા લોકો તમારી પર કેવી રીતે વિશ્વાસ મૂકશે? જો તમે વિદ્યાર્થી પર વિશ્વાસ નહીં મૂકો તો વિદ્યાર્થીઓ તમારી પર વિશ્વાસ કયાંથી મૂકશે? દરેક શિક્ષકે એ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, શિક્ષકનું કામ માત્ર સંભળાવવાનું નથી, સાંભળવાનું પણ છે. આજે ઘણા શિક્ષકો ફરિયાદ કરે છે કે, વિદ્યાર્થીઓ અમારું સાંભળતા નથી. ત્યારે કહેવાનું મન થાય કે, અરે ભાઈ, તમે વિદ્યાર્થીનું સાંભળશો તો વિદ્યાર્થી તમારું સાંભળશે. વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી માત્ર સાંભળવા જ નહીં, કશુંક કહેવા કે પૂછવા પણ આવે છે.

તે ધ્યાનમાં રાખીએ. જે શિક્ષક બોલીને ભણાવે છે તેના કરતાં કરીને ભણાવે તે સારો શિક્ષક અને કરાવીને ભણાવે તે ઉત્તમ શિક્ષક. આ રીતે આજના શિક્ષકે પોતાની જાતમાં પરિવર્તન લાવવાની જરૂર છે. હું જ બોલું, હું જ કરું તેમાંથી બહાર નીકળી જઈએ અને વિદ્યાર્થીને જ વધુ બોલવા દો, વધુ કરવા દો. આમ કરતાં બંને પક્ષે ફાયદા થશે. વિદ્યાર્થીનો સારી રીતે વિકાસ થશે અને શિક્ષકને આરામ મળશે. તાજો જ રહેશે. હા... અહીં એક ચેતવણી પણ છે કે, આમ કરતાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ જ ન બંધાયતે જોજો. સફળ શિક્ષક થવા માટે વિદ્યાર્થી સાથે માત્ર જ્ઞાનાત્મક જ નહીં પણ સંવેગાત્મક સંબંધ પણ હોવો જોઈએ. માત્ર વિદ્યાર્થીને જ નથી સાંભળવાનો, તેના વાલીને પણ સાંભળવાના છે. વાલીના મનમાં શિક્ષક માટે અનન્ય શ્રદ્ધા હોય છે, માટે જ અપેક્ષા હોય છે. આ શ્રદ્ધા તૂટવા ન દો. તેની અપેક્ષા સંતોષવી તે દરેક શિક્ષકની ફરજ છે.

વ્યાખ્યાન સાંભળનાર શિક્ષકોને આપેલા હોમવર્ક આ કોલમ વાચંનાર સૌ શિક્ષકોને પણ કરવા જેવું છે. હોમવર્કમાં ત્રણ બાબતો હતી. (૧) આજે પણ તમે તમારા કોઈ શિક્ષકને હકારાત્મક રીતે યાદ કરતા હશો. તેમના માટે આજે પણ તમારા દિલમાં ચોક્કસ લાગણી-માન છે. તો એ શિક્ષકના એવા કયા ગુણોને કારણે તમે આજે પણ તેમને યાદ કરો છો ? શું એવા ગુણો તમારામાં છે? જો ના હોય તો એવા ગુણો કેળવજો. (૨) તમારા એવા પણ શિક્ષક હશે કે, જેમના માટે તમારા દિલમાં કોઈ જ માન નથી. તો એવા શિક્ષકના કયા અવગુણોને કારણે તમે તેમને નફરત કરતા હતા. શું એવો કોઈ જ અવગુણ તમારામાં તો નથી ને? જો હોય તો તેને દૂર કરજો. (૩) તમે તમારા બાળકના શિક્ષક પાસે શું અપેક્ષા રાખો છો? (આંખ બંધ કરીને બે મિનિટ માટે વિચાર કરો) શું તેવી અપેક્ષાઓ આપણે શિક્ષક તરીકે સંતોષીએ છીએ ખરાં ? આ ત્રણ બાબતોનો દિલ સાથે વિચાર કરીને અમલ કરવામાં આવે તો સફળ શિક્ષક બનવા બીજું વધારે કશું જ કરવાની જરૂર નથી.